શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બાબેન–બારડોલી
પો. સરદારબાગ–૩૯૪૬૦૧, તા. બારડોલી, જી. સુરત.

## :: સભાસદો જોગ ::

આથી સંસ્થાનાં દરેક સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે રોપાણ સીઝનઃ ૨૦૨૨–૨૦૨૩ માટે સંસ્થાએ શેરડી રોપાણ કરવા માટે નીચે મુજબની નીતિ નકકી કરેલ છે.

**(૧) ૧ લી સપ્ટેમ્બર–૨૨ થી રોપાણ સીઝનનાં અંત સુધી રોપવાની જાતો :–**

(અ) ગૃપ : (૧) કો. ૮૬૦૩૨, (૨) કો. ૯૯૦૦૪, (૩) કો. ૯૭૦૦૯ (એમ.સી. ૭૦૭), (૪) કો. ૦૯૦૦૪, (૫) કો. ૧૪૦૦૫, (૬) કો. ૧૧૦૧૫, (૭) કો.સી. ૬૭૧, (૮) કો. ૦૨૩૮ (૯) કો. ૧૦૦૨૭, (૧૦) કો. ૧૨૦૦૯, (૧૧) કો. ૧૩૦૦૩, (૧૨) કો. ૧૩૦૦૮, (૧૩) કો. ૧૩૦૧૩, (૧૪) કો. ૧૩૦૧૪, (૧૫) કો. ૧૩૦૧૮, (૧૬) કો.એન.૧૩૦૭૨, (૧૭) કો. ૧૪૦૦૨, (૧૮) કો. ૧૪૦૧૨, (૧૯) કો. ૧૫૦૦૭.

(બ) ગૃપ : (૧) કો. ૮૬૦૦૨, (૨) કો. ૦૨૧૨

**ખાસનોંધઃ**

(૧) ૧ લી સપ્ટેમ્બરથી (અ) અને (બ) ગૃપની બીયારણ કાપણી કરી રોપાણ શરૂ કરી શકાશે, પરંતુ ૧ લી સપ્ટેમ્બર પહેલા બીયારણની સાફસફાઈ, નીકીયામાં અગાઉથી પિયત આપી રોપાણ કરવું નહિં, નહિંતર તેની રો.તા. ૦૧.૧૦.૨૦૨૨ ગણવામાં આવશે.

(૨) ૧ લી સપ્ટેમ્બરથી (અ) અને (બ) ગૃપની શેરડી એક આંખનાં રોપાથી રોપાણ કરેલ હશે, તો તેની રોપાણ તારીખ : ૦૨.૦૯.૨૦૨૨ ગણવામાં આવશે.

(૩) ફકત તા. ૦૧.૦૯.૨૦૨૨ થી તા. ૦૭.૦૯.૨૦૨૨ દરમ્યાન રોપાણ થયેલ (અ) ગૃપની જાતોને પ્રથમ પાણીબંધ કરી કાપણી કરવામાં આવશે. ત્યારબાદ (બ) ગૃપની જાતોને પાણીબંધ કરી કાપણી કરવામાં આવશે.

(૪) તેમજ તા. ૦૮.૦૯.૨૦૨૨ થી સીઝનનાં અંત સુધી રોપાયેલ (અ) અને (બ) ગૃપની જાતોને રોપાણ તારીખ મુજબ પાણીબંધ કરી કાપણી કરવામાં આવશે.

**(૨) ૨૧ મી સપ્ટેમ્બર–૨૨ થી રોપાણ સીઝનનાં અંત સુધી રોપવાની જાતો :–**

➢ (૧) કો.એમ. ૦૨૬૫ (૨) કોવીએસઆઈ ૦૮૦૦૫, (૩) કો.એન. ૧૩૦૭૩

**ખાસનોંધઃ**

(૧) ૨૧ મી સપ્ટેમ્બરથી બીયારણ કાપણી કરી રોપાણ શરૂ કરી શકાશે, પરંતુ ૨૧ મી સપ્ટેમ્બર પહેલા બીયારણની સાફસફાઈ, નીકીયામાં અગાઉથી પિયત આપી રોપાણ કરવું નહિં, નહિંતર તેની રો.તા. ૨૧.૧૦.૨૦૨૨ ગણવામાં આવશે.

(૨) ૨૧ મી સપ્ટેમ્બરે એક આંખનાં રોપાથી શેરડી રોપાણ કરેલ હશે, તો તેની રોપાણ તારીખ : ૨૨.૦૯.૨૦૨૨ ગણવામાં આવશે.

પાછળ જુઓ...

(૩) રો.સી. ૨૦૨૧–૨૦૨૨ માં જે જાતોનું બીયારણ ઉપલબ્ધ હશે ત્યાં સુધી આપવામાં આવશે. શકય હશે તો ૧ લી સપ્ટેમ્બર – ૨૧ થી પ્રથમ ટીસ્યુકલ્ચરનું એફ–૧ અને ત્યારબાદ સાદા પ્લોટમાંથી બીજલાયક થશે તો માર્ચ–૨૨ માં કુમળું બીયારણ બાંડી પતારી સાથે ઓછી–વધતી પેરનો આખો સાંઠો બીયારણ તરીકે આપવામાં આવશે. હાલમાં શેરડીની નવી આશાસ્પદ જાતો જેવી કે (૧) કો. ૧૦૦૨૭, (૨) કો. ૧૧૦૧૫, (૩) કો. ૧૨૦૦૯, (૪) કો. ૧૩૦૦૩, (૫) કો. ૧૩૦૦૮, (૬) કો. ૧૩૦૧૩, (૭) કો. ૧૩૦૧૪, (૮) કો. ૧૩૦૧૮, (૯) કો.એન.૧૩૦૭૨, (૧૦) કો. ૧૪૦૦૨, (૧૧) કો. ૧૪૦૦૫, (૧૨) કો. ૧૪૦૧૨, (૧૩) કો. ૧૫૦૦૭ નું બીયારણ વહેલા તે પહેલાનાં ધોરણે હશે ત્યાં સુધી આપવામાં આવશે.

(૪) રોપાણ સીઝનઃ ૨૦૨૨–૨૦૨૩ માં શેરડીનું બીયારણ સંસ્થા મારફત સભાસદોની માંગણી આવે તો નીચે મુજબનાં નિયમોને આધિન જે તે જાતનાં બીયારણની ઉપલબ્ધતા હશે ત્યાં સુધી વહેલા તે પહેલાનાં ધોરણે આપવામાં આવશે.

(૧) પ્રથમ ૧૦ મી એપ્રિલ–૨૨ થી ૧ લી જાન્યુઆરી–૨૨ સુધીનાં જે તે શેરડીની જાતનાં ટીસ્યુકલ્ચર એફ, એફ–૧ અને એચટી કેટેગરીનાં ક્રમ મુજબ ફ્રેશ પ્લોટ અને ત્યારબાદ શેરડી કાઢીને રોપાણ થયેલ પ્લોટમાંથી પ્રમાણિત કરેલ બીયારણ આપવામાં આવશે. ઉપરોકત કેટેગરીનાં પ્લોટ પૂરા થયા બાદ પ્રથમ ૧૦ મી એપ્રિલ–૨૨ થી ૧ લી જાન્યુઆરી –૨૨ નાં સાદા ફ્રેશ પ્લોટમાંથી અને ત્યારબાદ ૧૦ મી એપ્રિલ–૨૨ થી ૧ લી જાન્યુઆરી–૨૨ નાં શેરડી કાઢીને રોપાણ થયેલ પ્લોટનું પ્રમાણિત કરેલ બીયારણ આપવામાં આવશે.

(૨) ઉપરોકત તમામ કેટેગરીનાં પ્લોટમાંથી બાંડી–પતારી સાથે આખો સાંઠો બીયારણ તરીકે આપવામાં આવશે.

(૩) ૧૧ મી એપ્રિલ–૨૨ થી સીઝનનાં અંત સુધીમાં જે તે જાતનું કરેલ રોપાણ ફકત સભાસદોને / અંદરોઅંદર બીયારણ માટે રોપવાનું રહેશે અને સંજોગોવસાત બીયારણમાં ઉપયોગ ન થશે તો પીલાણમાં લેવામાં આવશે.

✓ **નિયમોમાં ફેરફાર કરવાનો હકક સંસ્થાને અબાધિત રહેશે.**

**સ્થળઃ બારડોલી**
**તારીખઃ ૦૫.૦૧.૨૦૨૨**

**આર.સી. પટેલ**
**ઇ.ચા.મેનેજીંગ ડીરેકટર**

યુવા ગ્રાફિક્સ, બારડોલી. મો. ૯૮૭૯૧ ૭૯૬૮૧